પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૦૧, કુલ પાના:૪, તારીખ: ૨૧-૧૨-૨૦૨૦ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 101 PRICE :-RS. 1.50 DATE : 21-12-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વડાપ્રધાનની ભલામણને રાષ્ટ્રપતિએ મંજૂરી આપી

## નેપાળમાં રાજકીય સંકટ: વડાપ્રધાન ઓલીએ સંસદ ભંગ કરી



કાઠમાંડૂ,

નેપાળમાં ફરી એકવખત રાજકીય સંગ્રામ વધતો દેખાઈ રહ્યો છે. પાર્ટીની અંદરથી જ વિરોધ ઝીલી રહેલા નેપાળી પ્રધાનમંત્રી કેપી શર્મા ઓલીએ રવિવારના રોજ અચાનક મંત્રીમંડળની બેઠકમાં સંસદના હાલના ગૃહને ભંગ કરવાનો નિર્ણય કર્યો છે. બીજી તરફ, રાષ્ટ્રપ્રમુખ વિદ્યા દેવી ભંડારીએ સંસદને ભંગ કરવાની ઔપચારિક મંજૂરી આપી દીધી છે. નેપાળમાં આવતા વર્ષે ૩૦ એપ્રિલથી ૧૦ મેની વચ્ચે ચૂંટણી યોજવામાં આવશે. રાષ્ટ્રપ્રમુખ કાર્યાલયે આ જાણકારી આપી છે.

સૌથી મોટી વત એ છે નેપાળના સંવિધાનમાં જ ગૃહને ભંગ કરવાની કોઈ જોગવાઈ નથી. એવામાં બીજા રાજકીય પક્ષ સરકારના આ નિર્ણયને કોર્ટમાં પણ પડકારી શકે છે. ઓલીની કેબિનેટમાં ઉર્જા મંત્રી બરશમૈન પુન એ કહ્યું કે આજની કેબનિટની બેઠકમાં સંસદને ભંગ કરવા માટે રાષ્ટ્રપતિને ભલામણ મોકલવાનો નિર્ણય કરાયો છે. આપને જણાવી દઈએ કે ઓલી પર સંવૈધાનિક પરિષદ અધિનિયમથી સંબંધિત એક અધ્યાદેશને પાછો લેવાનું દબાણ હતું. મંગળવારના રોજ રજૂ કરાયેલા આ અધ્યાદેશને રાષ્ટ્રપતિ વિદ્યાદેવી ભંડારીએ પણ મંજૂરી આપી દીધી હતી.

રવિવારના રોજ જ્યારે ઓલી કેબિનેટની ઈમરજન્સી બેઠક સવારે ૧૦ વાગ્યે બોલાવી હતી ત્યારે કેટલીક હદ સુધી આશા વ્યકત કરાઈ હતી કે આ અધ્યાદેશને બદલવાની ભલામણ કરાશે. પરંતુ તેની જગ્યાએ મંત્રીમંડળે હાઉસ વિઘટનની ભલામણ કરી.

**નેપાળમાં આવતા વર્ષે ૩૦ એપ્રિલથી ૧૦ મેની વચ્ચે ચૂંટણી યોજાશે, રવિવારે ઓલીએ કેબિનેટ બેઠક બોલાવીને આ પ્રસ્તાવ મૂક્યો જેનો કોઈએ વિરોધ કર્યો નહીં.**

ઓલીની ખુદની નેપાળ કોમ્યુનિસ્ટ પાર્ટી એ કેબિનેટના આ નિર્ણયનો વિરોધ કર્યો છે. પાર્ટીના પ્રવકતા નારાયણજી શ્રેષ્ઠ એ કહ્યું કે આ નિર્ણય ઉતાવળમાં કરાયો છે કારણ કે આજે સવારે કેબિનેટની બેઠકમાં તમામ મંત્રી ઉપસ્થિત નહોતા. આ લોકતાંત્રિક માપદંડોની વિરૂદ્ધ છે અને રાષ્ટ્રને પાછળ લઈ જશે. તેને લાગૂ કરી શકાશે નહીં.

સત્તારૂઢ નેપાળ કમ્યુનિસ્ટ પાર્ટીના પ્રવક્તા નારાયણજી શ્રેષ્ઠે કહ્યુ કે આ નિર્ણય ઉતાવળમાં કરવામાં આવ્યો છે કેમ કે આજે સવારે કેબિનેટની બેઠકમાં તમામ મંત્રી ઉપસ્થિત નહોતા. આ લોકતાંત્રિક માનદંડો વિરૂદ્ધ છે અને રાષ્ટ્રને પાછળ લઈ જશે. આને લાગુ કરી શકાશે નહીં.

નેપાળમાં આ રાજકીય ઘટનાક્રમ ત્યારે સામે આવ્યો છે જ્યારે તાજેતરમાં નેપાળી કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે ઓલી સરકાર દેશમાં રાજતંત્રવાદીઓનું સમર્થન કરી રહ્યા છે. નેપાળની મુખ્ય વિપક્ષી પાર્ટી નેપાળી કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે કે પી શર્મા ઓલી સરકાર દેશના વિભિન્ન ભાગોમાં રાજશાહી સમર્થક રેલીઓને રણનીતિક રીતે સપોર્ટ કરી રહ્યા છે. આ રેલીઓમાં બંધારણીય રાજતંત્રને ફરી શરૂ કરવા અને દેશને હિંદુ રાષ્ટ્ર તરીકે ફરીથી સ્થાપિત કરવાની માગ કરવામાં આવી હતી.

## વડાપ્રધાન મોદી એકાએક રકાબગંજ ગુરુદ્વારા પહોંચી માથું ટેકવ્યું



ન્યુ દિલ્હી,

વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે દિલ્હી સ્થિત ગુરૂદ્વારા રકાબગંજ પહોંચ્યા જ્યાં તેમણે ગુરૂ તેગબહાદુરને શ્રદ્ધાંજલિ આપી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આ પ્રવાસ અચાનક નક્કી થયો હતો. જ્યારે વડા પ્રધાન મોદી અહીં પહોંચ્યા તો કોઈ વિશેષ પોલીસ બંદોબસ્ત નહોતો તેમજ કોઈ પણ પ્રકારનું ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવ્યુ નહોતુ. વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આ પ્રવાસ અચાનક નક્કી થયો હોવાથી ગુરૂદ્વારાની આસપાસ કોઈ વિશેષ સુરક્ષા વ્યવસ્થા નહોતી.

દિલ્હીનુ ગુરૂદ્વારા રકાબગંજ શીખનુ પવિત્ર સ્થળ છે. આ ગુરૂદ્વારા સંસદ ભવન નજીક આવેલુ છે. જેનુ નિર્માણ સન ૧૭૮૩માં થયુ હતુ. આ તે જ સ્થળ છે જ્યાં શીખોના નવમાં ગુરૂ ગુરૂ તેગ બહાદુરજી ના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. અહીં તેમના શિશવિહીન શરીરનો તેમના શિષ્ય લખી શાહ બંજારા અને તેમના પુત્રએ અંતિમ સંસ્કાર કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે મુગલ શાસક ઔરંગઝેબે ૧૧ નવેમ્બર ૧૬૭૫માં દિલ્હીના ચાંદની ચોકમાં ગુરૂ તેગબહાદુરનો શિરચ્છેદ કરી દીધો હતો. ગુરૂ તેગ બહાદુરનો જન્મ ૧ એપ્રિલ ૧૬૨૧એ પંજાબના અમૃતસરમાં થયો હતો.

પીએમ મોદીએ કહ્યુ કે આ ગુરૂ સાહિબની વિશેષ કૃપા છે કે અમારી સરકારના કાર્યકાળમા અમે ગુરૂ તેગબહાદુર જીનો ૪૦૦મો પ્રકાશ પર્વ મનાવીશુ. આવો આ ઐતિહાસિક અવસરે ગુરૂ તેગબહાદુરજીના આદર્શોને યાદ કરતા મનાવીશુ. વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો રકાબગંજ ગુરૂદ્વારાનો આ પ્રવાસ ત્યારે થયો જ્યારે દિલ્હી-એનસીઆરની સીમાઓ પર લગભગ ૨૫ દિવસથી પંજાબના શીખ ખેડૂત નવા કૃષિ કાયદાને રદ કરવાની માગને લઈને ધરણા પર બેસેલા છે. માનવામાં આવી રહ્યુ છે કે પીએમનો આ પ્રવાસ શીખ ખેડૂતો સુધી એક સંદેશ આપવાનો પ્રયત્ન છે કે સરકાર ખેડૂતો સાથે વાતચીતથી પીછે હટ કરી રહ્યા છે.

**PM** મોદીએ રકાબગંજના પ્રવાસની તસવીર શેર કરી છે. આ સિવાય તેમણે ગુરૂમુખી ભાષામાં સંદેશ પણ આપ્યો છે.

## રાંધણગેસનો બાટલો ૧૦૦ રૂપિયા મોંઘો, ૮ મહિનાથી સબસિડી પણ મળતી નથી



અમદાવાદ,

અમદાવાદ જિલ્લાના અંદાજે ૧૭ લાખ સહિત ગુજરાતભરના ૧.૧૬ કરોડ એલપીજી ગ્રાહકોને છેલ્લા ૮ મહિનાથી રાંધણગેસના બાટલાની સબસિડી મળી નથી. સબસિડી નહીં મળવા માટે પુરવઠા વિભાગ કે ડિલરો પાસે કોઈ કારણ નથી. અત્યાર સુધીના ઈતિહાસમાં પ્રથમવાર માત્ર ૧૫ દિવસમાં રાંધણગેસના બાટલામાં રૂ.૧૦૦નો ભાવ વધારો થયો છે. એલપીજી વિતરણ કરનાર અમદાવાદ જિલ્લાના ૧૦૩ સહિત રાજ્યમાં ૯૬૨ ડિસ્ટ્રિબ્યુટર છે. અમદાવાદ જિલ્લામાં રાંધણગેસના બાટલાનો ઉપયોગ કરનાર અંદાજે ૧૭ લાખ ગ્રાહકોને છેલ્લા આઠ મહિનાથી પી.એમ.ઉજવલા યોજના હેઠળ સબસિડી તો મળી નથી અને છેલ્લા ૧૫ દિવસમાં રૂ.૧૦૦નો ભાવ વધારો સહન કરવાનો વારો આવ્યો છે.

પુરવઠા વિભાગના સૂત્રો કહે છે કે, રાજ્યમાં અત્યાર સુધીમાં સબસિડી નહીં લેનાર અને મળવાપાત્ર ના હોય તેવાં સાત લાખ ગ્રાહકો છે. આ સિવાયના ગ્રાહકો સબસિડીની રાહ જોઈ રહ્યાં છે. પરંતુ કેન્દ્ર તરફથી સબસિડી મળી નથી. સબસિડી કાયમી ધોરણે દૂર કરી દેવાઈ હોવાની પણ ચર્ચા છે. આ અંગે કેન્દ્ર તરફથી કોઈ સ્પષ્ટતા કરાઈ નથી. આંતરરાષ્ટ્રીય સ્તરે ગેસના ભાવમાં વધારો થયો નથી. જેથી ત્રણે ઓઈલ માર્કેટીંગ કંપનીઓને કોઈ નુકસાન નથી. એટલે સરકારે સબસીડી બંધ કરી હોવાનું મનાય છે. ગેસના ભાવમાં વધારો થશે તો સબસીડી ફરી ચાલુ થશે. જોકે ગ્રાહકોને તો માત્ર સબસીડીથી જ મતલબ છે.

એલ.પી.જી.ડિસ્ટ્રિબ્યુટર ફેડરશેન(ગુજરાત હોદ્દેદારો કહે છે કે ડિલરશીપ માટે પુરવઠાના ફરજિયાત લાઈસન્સનો નિયમ અગાઉ ૨૦૦૬થી ૨૦૦૮ સુધી રદ કર્યો હતો. પણ બાદમાં આ લાઈસન્સ ફરી જરૂરી બનાવી દેવાયું. જેના કારણે ડિલરો નારાજ થયા છે. તેમણે હડતાળની ચિમકી પણ આપી છે. સબસિડી માટે રોજબરોજ ગ્રાહકોના સંખ્યાબંધ ફોન આવે છે. કેન્દ્ર તરફથી મળતી સબસીડી અંગે પ્રત્યેકને જાણકારી છે. બેંકની પાસબુકમાં સબસીડીની એન્ટ્રી આવતી નહીં હોવાથી ગ્રાહકોની ધીરજ ખુટી છે. પુરવઠા વિભાગ કે કંપનીઓ પણ સબસીડી ક્યારે જમા થશે, તેનો જવાબ આપતી નથી.

## થર્ટી ફસ્ટ અને ઉત્તરાયણની ઉજવણી માટે કોઈ જ છુટછાટ ન આપવાના ગૃહમંત્રીએ આપ્યા સંકેત



ગાંધીનગર,

રાજ્યના ગૃહમંત્રી પ્રદિપ સિંહ જાડેજાએ નજીક આવી રહેલા તહેવારોની ઉજવણીને લઈ કોરોના મહામારીને ધ્યાનમા રાખીને કડક વલણ અપનાવ્યું છે. ઉત્તરાયણ, નાતાલ અને ૩૧ ડિસેમ્બરે કરવામાં આવતી નવા વર્ષની ઉજવણી માટે કોઈ જ છુટછાટ ન આપવાના સંકેત જાડેજાએ આપી દીધા છે. આ સાથે જ રાજ્યના ગૃહમંત્રી જાડેજાએ લવજેહાદના વધી રહેલા કિસ્સાઓને લઈને પણ લાલ આંખ કરી હતી. રાજ્ય સરકારની લવજેહાદની ઘટનાઓ પર ચાંપતી નજર હોવાનું પણ તેમને જણાવ્યું હતું. દાહોદની મુલાકાતે આવેલા ગ્રુહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ આગામી તહેવારોને લઈને મોટું નિવેદન આપ્યું હતું. જાડેજાએ ઉત્તરાયણ અને ૩૧ ડિસે.ને લઈ કહ્યું હતુંકે, તહેવારોમાં કોરોના મહામારીની ગાઈડલાઈન પ્રમાણેના હાલના જે નિયમો છે તે લાગુ રહેશે. પ્રદિપ સિંહે કહ્યું હતુંકે, તહેવારો માટે કોઈ અલગ એસઓપી જાહેર નહીં કરવામાં આવે. કારણ કે કેન્દ્ર સરકારની તહેવારો માટે અલગ એસઓપી નથી. લવજેહાદને લઈને પણ રાજ્યના ગૃહમંત્રીએ કહ્યું હતું કે, ગુજરાતમાં બનતી લવજેહાદ સંદર્ભમા જુદા જુદા કાયદાના આધારે કાર્યવાહી કરવામાં આવી રહી છે. લવજેહાદની ઘટના ઉપર સરકારની સંપુર્ણ નજર છે. લવજેહાદ કરવા વાળી માનસિકતા વાળા લોકોની કોઈ પણ પ્રકીયા સાંખી લેવાય નહી. મહત્વપૂર્ણ છે કે, ગુજરાત ભાજપ અધ્યક્ષ સીઆર પાટીલે પણ લવજેહાદને લઈને આકરૂ વલણ અપનાવ્યું હતું. તેમણે પણ કહ્યું છે કે, લવજેહાદની ઘટનાઓને સાંખી નહીં લેવાય.

## ગુજરાતમાં ડ્રગ્સ જપ્તીનો કેસ: ૬-પાકિસ્તાની સામે ચાર્જશીટ

અમદાવાદ,

ગુજરાતમાં ૨૩૭ કિલોગ્રામ નશીલા પદાર્થોના જથ્થો પકડાયાના એક કેસમાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ સાત વ્યક્તિ સામે કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરી છે. આ સાત જણમાં છ પાકિસ્તાની નાગરિક છે. અમદાવાદમાં સ્પેશિયલ એનઆઈએ કોર્ટમાં પાકિસ્તાનના કરાચીના વતનીઓ સફદર અલી, અલાહી દાદ અંગિયારા, અઝીમ ખાન, અબ્દુલ અઝીઝ, અબ્દુલ ગફૂર, મોહમ્મદ મલાહ તેમજ ગુજરાતના દ્વારકાના વતની રમજાન સામે ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી છે. આ નશીલા પદાર્થોનો જથ્થો ૨૦૧૯ની ૨૧ મેએ કચ્છ જિલ્લાના જખૌ બંદર નજીક પકડાયો હતો. ભારતીય કોસ્ટગાર્ડના જવાનોએ પાકિસ્તાનના અલ-મદીના જહાજને ભારતની જળસીમાની અંદર આંતર્યુ હતું અને એમાંથી ૨૩૭ કિલોગ્રામ ડ્રગ્સનો જથ્થો જપ્ત કર્યો હતો તથા એમાંના તમામ છ પાકિસ્તાની તથા એક ભારતીય નાગરિકની ધરપકડ કરી હતી.

## ખેડૂતોનું સમર્થન કરતા પંજાબના ૧૦થી વધુ આઢતિયાઓના ઠેકાણાઓ પર ITના દરોડા



ચંડીગઢ,

ઈક્રમ ટેકસ વિભાગે રવિવારે પંજાબના ૧૦થી વધુ આઢતિયાઓના ઠેકાણા પર રેડ કરી છે. રાજયના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે આ વાતની ટીકા કરતા કહ્યું કે આ આંદોલન કરી રહેલા ખેડૂતોને સપોર્ટ કરી રહેલા આઢતિયાઓને ડરાવવા અને ધમકાવવાની કેન્દ્રની ચાલ છે. તેમણે ચેતવણી આપી છે કે આ રીતેથી કેન્દ્રની વિરુદ્ધનો લોકોનો રોષ વધશે.

મુખ્યમંત્રી અમરિંદર સિંહે કહ્યું કે કેન્દ્ર તરફથી પંજાબના કેટલાક આઢતિયાઓની વિરુદ્ધ ઈક્રમ ટેક્સની રેડ આયોજનબદ્ધ રીતે કરવામાં આવી રહી છે. જેથી આઢતિયાઓ પર દબાણ કરી શકાય. તેમણે કહ્યું કે આવી દમનકારી નીતિયો સત્તાધારી ભાજપને ઉલટી પડશે.

મુખ્યમંત્રીએ કહ્યું કે એ વાત સ્પષ્ટ છે કે કૃષિ કાયદાની વિરુદ્ધ લાંબા સમયથી સંઘર્ષ કરી રહેલા ખેડૂતોને મનાવવા, ગુમરાહ કરવા અને વહેંચવામાં અસફળ રહ્યાં પછી કેન્દ્ર સરકારે હવે સંઘર્ષને નબળો કરવા માટે અઢિતિયાઓને નિશાન બનાવવાનું શરૂ કર્યુ છે, જે પ્રથમ દિવસથી જ સંપૂર્ણ સક્રિયતાથી ખેડૂત આંદોલનને સપોર્ટ કરી રહ્યાં છે.

કેપ્ટને કહ્યું કે પંજાબના ઘણાં મોટા અઢતિયાઓના ઠેકાણ પર નોટિસ આપ્યાના ચાર દિવસની અંદર જ આ કાર્યવાહી કરવામાં આવી. તેમની નોટિસના જવાબની પણ રાહ જોવામાં આવી નથી. તેમણે કહ્યું કે આ કાર્યવાહી જ બતાવે છે કે તેમણે કોઈ કાયદાકીય પ્રક્રિયાનું પાલન કર્યુ નથી. એટલે સુધી કે સ્થાનિક પોલીસને પણ માહિતી અપાઈ નથી. જેને સામાન્ય વિધી ગણવામાં આવે છે. આઈટીની રેડ દરમિયાન સુરક્ષા આપવા માટે સીઆરપીએફની સહાયતા લેવામાં આવી. મુખ્યમંત્રીએ પૂછ્યુ કે આ બદલાખોરીના રાજકારણનો મામલો નહિ તો પછી શું છે ?

## દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૨૬,૬૨૪ કેસ, ૩૪૧ દર્દીનાં મોત

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાના કુલ દર્દીઓનો આંક એક કરોડને પાર થઈ ગયો છે. ૨૪ કલાકમાં વધુ ૨૬,૬૨૪ પોઝિટિવ દર્દીનો ઉમેરો થતા કુલ સંક્રમિતોની સંખ્યા ૧,૦૦,૩૧,૨૨૩ થઈ છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૯૫.૮૦ લાખ લોકો કોરોનામાંથી સ્વસ્થ થયા છે જેને પગલે રિકવરી રેટ ૯૫.૫૧ ટકા રહ્યો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના ડેટા મુજબ દેશમાં છેલ્લા એક દિવસમાં ૩૪૧ દર્દીનાં મોત થતાં કુલ મૃત્યુઆંક ૧,૪૫,૪૭૭ થયો છે. કરોનાથી મૃત્યુદર ૧.૪૫ ટકાએ સ્થિર રહ્યો છે. દેશમાં સતત ૧૪માં દિવસે કોરોનાના સક્રિય કેસો ચાર લાખની નીચે રહ્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ દેશમાં કોરોનાના કુલ સક્રિય કેસો ૩,૦૫,૩૪૪ રહ્યા છે જે કુલ કેસલોડના ૩.૦૪ ટકા થાય છે.

ભારતમાં કોરોનાના ૫૦ લાખનો આંકડો ૧૬ સપ્ટેમ્બરના પાર થયો હતો. ત્યારબાદ ૨૮ સપ્ટેમ્બરના ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબરના ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરના ૮૦ લાખ ૨૦ નવેમ્બરના ૯૦ લાખ તેમજ ૧૯ ડિસેમ્બરના એક કરોડનો આંક પાર થયો હતો. આમ ત્રણ મહિનામાં કોરોનાના ૫૦ લાખ કેસોનો ઉમેરો થયો હતો.

આઈસીએમઆરના ડેટા મુજબ અત્યાર સુધીમાં ૧૬,૧૧,૯૮,૧૯૫ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ થયું હતું. શનિવારે દેશમાં કોરોનાના ૧૧,૦૭,૬૮૧ સેમ્પલનું ટેસ્ટિંગ કરાયું હતું. વધુ ૩૪૧ દર્દીનાં મોત થયા તેમાં મહારાષ્ટ્રના ૭૪, પશ્ચિમ બંગાળમાં ૪૩, દિલ્હીમાં ૩૨, કેરળમાં ૨૯ અને ઉત્તરપ્રદેશમાં ૨૩ દર્દીનો સમાવેશ થાય છે.

## ઉત્તર ભારતમાં હાડ થીજવતી ઠંડી, આબુ -૧.૪ ડિગ્રી સાથે ઠંડુગાર

ન્યુ દિલ્હી,

સમગ્ર ઉત્તર ભારતમાં શીત લહેરને કારણે શનિવારે પણ મોડાભાગના વિસ્તારોમાં ઠંડીનો પ્રકોપ જોવા મળ્યો. દિલ્હીમાં રવિવારે લઘુત્તમ તાપમાન ગગડી ૩.૪ ડિગ્રી પર પહોંચી ગયું હતું. આ સિઝનનું સૌથી ઓછું તાપમાન નોંધાયું હતું.

જ્યારે હિમાચલ પ્રદેશના કેલાંગમાં તાપમાન શૂન્યથી નીચે ૧૨.૧ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. પંજાબ અને હરિયાણામાં પણ શીતલહેરનો પ્રકોપ જોવા મળ્યો. આદમપુરમાં પારો શૂન્યથી ૧.૯ ડિગ્રી નીચે ગગડતો જોવા મળ્યો, જ્યારે બન્ને રાજ્યોમાં સૌથી ઓછું તાપમાન નોંધાયું હતું.

બીજી બાજુ, રાજસ્થાનમાં પણ કડાકાની ઠંડી પડી રહી છે. માઉન્ટ આબુમાં લઘુત્તમ તાપમાન શૂન્યથી ૧.૪ ડિગ્રી ઓછું નોંધાયું હતું. ઉત્તર પ્રદેશના ઘણા વિસ્તારોમાં પણ ઝબરદસ્ત ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. હવામાન વિભાગ અનુસાર, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, મુઝફ્ફરાબાદ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં પણ શીત લહેરનો પ્રકોપ જોવા મળશે.

Assure Cab
Never miss a flight
BECAUSE WE ASSURE CAB ALWAYS ON TIME.
Travel One Way Pay One Way
CALL OR WHATSAPP
7490866866
ARE YOU STILL PAYING FOR TWO WAY CHARGES ?
GPS ENABLED | DOOR TO DOOR | SANITIZED CAR | TOLL TAX INCLUDED

| : AIRPORT FARES : | | : GUJARAT TO MAHARASHTRA : | |
|---|---|---|---|
| VADODRA TO AHMEDABAD | : Rs.1399 | RAJKOT TO MUMBAI | : Rs.8499 |
| SURAT TO TO AHMEDABAD | : Rs.3299 | AHMEDABAD TO MUMBAI | : Rs.6499 |
| SURAT TO MUMBAI | : Rs.3299 | VADODRA TO MUMBAI | : Rs.5499 |
| RAJKOT TO AHMEDABAD | : Rs.2299 | SURAT TO MUMBAI | : Rs.3299 |
| BHUJ TO AHMEDABAD | : Rs.3999 | | |

ગોધરા નગરપાલિકા, ગોધરા
સ્વચ્છ ભારત મિશન
જાહેર ખબર

ગોધરા નગરપાલિકા ને ૧ થી ૫ સ્ટાર ગાર્બેજ ફ્રી સીટી જાહેર કરવા તથા વાંધા/સુચનો મંગાવવા બાબત

ગોધરા નગરપાલિકની જાહેર જનતા ને આથી સુચિત કરવામાં આવે છે. કે ભારત સરકારશ્રી ના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરોને ગાર્બેજ ફ્રી સ્ટાર રેટીંગ આપવાનું નક્કી કરવામાં આવેલ છે જે અન્વયે સ્વચ્છ ભારત મિશન તથા ભારત સરકારશ્રી ની ગાઈડ લાઈન અનુસાર ગોધરા નગરપાલિકાએ ૧ થી ૫ સ્ટાર ગાર્બેજ ફ્રી સીટી જાહેર કરવા માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

| | |
|---|---|
| ૧ | શહેર ના તમામ રહેણાંક તથા કોમર્શિયલ વિસ્તારોમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન કરવામાં આવે છે. |
| ૨ | જાહેર સ્થળો, કોમર્શિર્મલ સ્થળો તથા રહેણાંક સોસાયટીના રોડની સફાઈ કરવામાં આવે છે. |
| ૩ | જાહેર સ્થળો, કોમર્શિર્મલ સ્થળોએ દર ૧૦૦ મીટરે ક્ડલ ટાઈપ ડસ્ટબીન (ગ્રીન એન્ડ બ્લ્યુ)ની સુવિધા કરવામાં આવેલ છે. |
| ૪ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ (SWM) રૂલ્સ-૨૦૧૬ મુજબ તમામ બલ્ક વેસ્ટ જનરેટર્સ દ્વારા ઓનસાઈટ કોમ્પોસ્ટિંગની અથવા મોબાઈલ કોમ્પોસ્ટિંગની શરૂઆત કરવામાં આવેલ છે. |
| ૫ | શહેરના તમામ જાહેર સ્થળો, રહેણાંક અને કોમર્શિયલ વિસ્તારમાં તથા ઈન્ડસ્ટ્રીયલ મિલ્કતો પાસેથી વેસ્ટ કલેકશન એન્ડ ટ્રાન્સપોર્ટેશનના યુઝર ચાજીર્સની વસુલાત, સ્પોટ ફાઈન તથા પેનલ્ટી ચાજીર્સની વસુલાત કરવામાં આવે છે. |
| ૬ | શહેરમાં ૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળા પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. |
| ૭ | શહેરમાં ઉત્પન્ન થતા ઘન કચરાના નિકાલ માટે સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. અને શહેર નો ૮૦% કચરો વૈજ્ઞાનિક ઢબે પ્રોસેસીંગ કરવાનું શરૂ કરવામાં આવેલ છે. અને બાકી રહેલ કચરાનું વૈજ્ઞાનિક ઢબે લેન્ડફીલ સાઈટ ઉપર નિકાલ કરવાની યોજના બનાવવામાં આવેલ છે. |
| ૮ | કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન વેસ્ટના રીસાયકલની સુવિધા ઉભી કરવામાં આવી છે. |
| ૯ | શહેરમાં શુશોભનની કામગીરી કરવામાં આવેલ છે. |
| ૧૦ | શહેર ના તમામ વોટર બોડી અને CT/PT ની સફાઈ માટે કામગીરી કરવામાં આવેલ છે. તેમજ ડમ્પસાઈટ પર રેમીડેશનની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. |
| ૧૧ | શહેરીજનો માટે મોબાઈલ ફોન મારફતે ગ્રીવેન્સ રીડ્રેસલ સિસ્ટમ/સ્વચ્છતા એપ મારફતે ફરીયાદોનો નિકાલની વ્યવસ્થા કરવામાં આવેલ છે. |

આ નોટીસ થી આ બાબતે કોઈપણ નાગરિકોને વાંધા સુચન હોય તો આ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૧૫ (પંદર)માં ગોધરા નગરપાલિકાની કચેરીમાં લેખિતમાં રજુઆત કરવા વિનંતી.
જા.નં.એસ.એ.એન/૧૮૫ તા.૧૮/૧૨/૨૦૨૦
મુખ્ય અધિકારી
નગરપાલિકા
માહિતી/ગોધરા/૬૨૨/૨૦૨૦

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ નગરમાં શોપીંગ સેન્ટરમાં પાર્કિંગના અભાવે ટ્રાફિકની સમસ્યા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં ટ્રાફિક સમસ્યા દાહોદ વાસીઓનાં માથાનો દુખાવો સમાન છે અને તેના માટે સ્થાનિક તંત્રને જ દાહોદ વાસીઓ મહત્તમ જવાબદાર ગણી રહ્યા છે. આવક માટે શહેર મા સિમેન્ટ કાક્રેટના જંગલ ઉભા કરી સ્થાનિક તંત્રએ શહેરમાં વિવિધ જગ્યાઓએ શોપિંગ સેન્ટરો જરૂર બનાવ્યા છે. પરંતુ તે એકેયમાં વાહન પાર્કિંગની સુવિધા પ્રદાન ન કરાતા આડેધડ વાહન પાર્કિંગને કારણે શહેરમાં ટ્રાફિક સમસ્યા વધુ જટિલ બની છે. દાહોદ શહેરમાં સ્થાનિક તંત્રની દયાભાવ વાળી નીતિને કારણે શહેરના નેતાજી બજારમાં ટ્રાફિક સમસ્યા હળવી બનાવવા દુકાનદારોના વાહનો પાર્ક કરવા માટે રોડની વચ્ચેની રેલીંગની બંને તરફ પાર્કિંગ વ્યવસ્થા ઊભી કરી છે. ત્યારે એ પાર્કિંગની જગ્યા પણ શાકભાજીના પથારા વાળાઓએ હાઈજેક કરી લેતા ટ્રાફિક સમસ્યા યથાવત રહેવા પામી છે. દાહોદ શહેરના હાર્ દ સમા એમ.જી.રોડ ની વાત કરીએ તો એમ.જી.રોડ ફળફળાદી ની હાથ લારીઓવાળા ઓ કેટલીક જગ્યા હાઈજેક કરી ટ્રાફિકની સમસ્યા વધારી રહ્યા છે તેમાંય વળી શેરની શાકમાર્કેટમાં શાકભાજી ખરીદવા માટે આવનારા લોકોના તેમજ અન્યના વાહનો પાર્ક કરવા માટે સ્થાનિક તંત્ર દ્વારા શાકમાર્કેટની બહાર ટ્રાફિક ચોકીની પાછળના ભાગની જગ્યા ફાળવવામાં આવી છે, પરંતુ તે પાર્કિંગ વાળી જગ્યા પણ છેલ્લા કેટલાય સમયથી કોઈ મોટા માથાની મહેરબાનીથી પોતાની દુકાન શાકમાર્કેટમાં હોવા છતાં તે વ્યકિત દ્વારા હાઈજેક કરી પાર્કિંગની જગ્યામાં શાકભાજીની દુકાન ઊભી કરી દેવામાં આવી છે કેટલું ઉચિત છે સાથે સાથે વાહન પાર્કિંગ વાળી જગ્યા ને ફળફળાદી ની લારીઓવાળા ઓએ કોર્ડન કરી લેતા શાકમાર્કેટમાં શાકભાજી ખરીદવા આવવા જવાવાળાઓમાં ભારે કચવાટ જોવા મળી રહ્યો છે. જ્યારે ગેરકાયદે દબાણ હટાવવાના નગર પાલિકાએ હાથ ધરેલા અભિયાનમાં ઉપરોક્ત હાઈજેક કરાયેલી જગ્યામાં ગેરકાયદેસર ઉભું કરેલું દબાણ કેમ વિસરાઈ ગયું તે ખરેખર વિચાર માંગી લે છે હાલ તો પાલિકામા પદાધિકારીઓની વિદાય બાદ અધિકારીઓ વધુ સક્રિય બન્યા છે અને બે દિવસમાં વેરા તથા ભાડાના ભરવા સબ બ પાલિકા હસ્તકનાં શોપિંગ સેન્ટરની ૨૪ જેટલી દુકાનો સીલ મારી પોતાનો સત્તા નો પરચો બતાવ્યો છે. ત્યારે આવા સરકારી જમીનને હાઈજેક કરી દુકાન ઊભી કરનારા લોકો સામે કાયદાનો કોરડો ક્યારે વિંજાસે ?

## દાહોદ નગરમાં કોરોનાકાળમાં સફાઈ અને ગંદકી બાબતે ગંભીર ન રહેતા રોગચાળાનો ભય

દાહોદ,

દાહોદ શહેરમાં કોરોના નો કહેર છેલ્લા કેટલાય સમયથી યથાવત રહ્યો છે. આ કોરોના ની ચેન તોડવા માટે જિલ્લાનું વહીવટી તંત્ર આરોગ્ય તંત્ર તથા સ્થાનિક તંત્ર અથાગ પ્રયાસો કરી રહ્યું છે. આ પ્રયાસોમાં રત સ્થાનિક શહેરની સફાઈના મામલે બે ધ્યાન પણું દાખવતા શહેરમાં કેટલીક જગ્યાએ ખડકાયેલા કચરાના ઢગ રોગચાળાને નિમંત્રિત કરતા હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે. દાહોદ શહેરમાં કોરોના નો કહેર યથાવત છે. તેવા સમયે જિલ્લાના વહીવટી તંત્ર આરોગ્ય તંત્ર તથા પાલિકા તંત્ર એસ.એમ.એસ.ના નિયમનું કડકાઈથી પાલન કરાવવામાં રત બન્યા છે. તેવા સમયે શહેરની સફાઈ નો મામલો એકદમ વિસરાઈ ગયો હોય તેવું લાગી રહ્યું છે. જેના કારણે શહેરમાં કોરોનાના કહેર વચ્ચે અન્ય બીમારીઓ ફેલાવાની શક્યતાઓ બળવત્તર બની છે. તાજેતરમાં શહેરના હરસોલા વાડ તથા ગુજરાતી વાડ માં કોરોનાનો વધુ પ્રકોપ જોવા મળ્યો હતો અને તે બંને વિસ્તારોમાં કોરોના પોઝિટિવ ના નોંધપાત્ર છે. કેસ સામે આવ્યા હતા તેમ છતાં હાલ આ બંને વિસ્તારને જોડકા સાંકડા માર્ગ ની બાજુમાં આવેલ એક મોટા ખાલી પ્લોટમાં માવઠાના પાણીથી પલળેલા અને દુર્ગંધ મારતા કચરાના તથા ગંદગીના ઢગલા જોવા મળી રહ્યા છે. જે ખરેખર રોગચાળાને નિમંત્રિત કરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે અન્ય કોઈ રોગો પોતાનો વ્યાપ વધારે તે પહેલા જ પાણી આવતા પહેલા પાળ બાંધવાની નીતિ અખત્યાર કરી આ ખાલી પ્લોટમાં ખડકાયેલા કચરાના ઢગ ને દૂર કરી તે ખાલી પ્લોટમાં નગરપાલિકાના સંલગ્ન વિભાગ દ્વારા સફાઈ કરાવવામાં આવે તે સૌ દાહોદ વાસીઓનાં હિતમાં છે.

## દાહોદના ગોધરા રોડ ઉપર કપિરાજને કરંટ લાગતાં મોત

દાહોદ,

દાહોદ શહેરના ગોધરા રોડ ખાતે ચાલુ વીજ વાયરના કરંટથી એક કપિરાજ ગંભીર રીતે ઘાયલ થતા તેને પશુ હોસ્પિટલ ખાતે લઈ જવાતા આ કપિરાજનું સારવાર દરમિયાન મોત નિપજયાનું જાણવા મળે છે.

આજરોજ સવારના સમયે દાહોદ શહેરના ગોધરા રોડ ઉપર આવેલ બુનિયાદી સ્કૂલ પાસે એક કપિરાજને વીજ કરંટ લાગતા સ્થળ પર જ આ કવિરાજ ઘાયલ થઈ પડી ગયો હતો.આ ઘટનાની જાણ ઓલ એનિમલ રેસ્ક્યુ ટીમ દાહોદના થતાં તાબડતોડ તેઓ ઘટના સ્થળે દોડી ગયા હતા અને ગંભીર રીતે ઘાયલ કપિરાજને નજીકના પશુ દવાખાને લઈ જવામાં આવ્યો હતો. પશુ દવાખાના તબીબો દ્વારા આ કપિરાજ નું તાત્કાલિક સારવાર હાથ ધરી હતી જાણવા મળ્યા પ્રમાણે ગંભીર ઈજાગ્રસ્ત આ કપિરાજ નું મોત નિપજ્યું છે.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૧૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે એકજ સાથે ૧૨ કોરોના સંક્રમણના કેસો નોંધાવા પામ્યા છે. આ સાથે કોરોના નો કુલ આંકડો ૨૪૮૬ને પાર થઈ ચૂક્યો છે. આર.ટી.પી.સી.આર.ના ૨૮૩ પૈકી ૦૯ અને રેપીટ ટેસ્ટના ૪૭૪ પૈકી ૦૩ મળી આજે કુલ ૧૨ કેસો નોંધાયા છે જેમાંથી દાહોદ અર્બનમાંથી ૦૮ કેસો સામે આવ્યા છે. દાહોદ ગ્રામ્યમાંથી ૦૧, દેવગઢબારિયા અર્બન માંથી એક લીમખેડા માંથી એક અને ધાનપુર માંથી એક કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૧ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યા ૧૩૧ ઉપર પહોંચી છે. ત્યારે અત્યાર સુધી કોરોનાથી ૮૯ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે.

# ૨૧ ડિસેમ્બરે ગુરૂ અને શનિ ગ્રહની મહાયુતિની ખગોળીયા ઘટના

ગુરૂ અને શનિ ગ્રહની મહાયુતી જોવાનું ભૂલતા નહિ.આ સુંદર ખગોળીય ઘટના છે.વૈજ્ઞાનિક રીતે માનવ જીવનપર કોઈ અસર થશે નહિ.

પાછલા થોડાક મહિનાઓથી ગુરૂ અને શનિ ગ્રહો રાત્રી આકાશમાં દેખાય રહ્યા છે. ૨૧/૧૨/૨૦૨૦ સોમવાર ના રોજ સાંજે પશ્ચિમ દિશામાં બન્ને વિશાળ ગ્રહો એકમેકની એકદમ નજીક આવી જશે. સૂર્યમંડળના સૌથી સુંદર એવા બંને ગ્રહોની આવી યુતિને THE GREAT CONJUCTION તરીકે ઓળખાય છે. એટલે કે મહાયુતિ. ઈ.સ. ૧૬૨૩ બાદ ૨૦૨૦માં આ બંને આટલા નજીક દેખાશે. આ દિવસે ગુરૂ અને શનિ વચ્ચેનું કોણીય અંતર માત્ર ૦.૧ ડીગ્રી જેટલું જ હશે અને તેમને નારી આંખે બે અલગ અલગ પદાર્થ તરીકે જોઈ શકાશે નહિ. ગેલેલીયોના સમય બાદ ૨૦૨૦મા આપણે આ ઘટના નિહાળી શકીશું. લોક વિજ્ઞાન કેન્દ્ર ગોધરા દ્વારા આ ઘટનાનું જીવન પ્રસારણ સાંજે ૬.૩૦ થી ૭.૩૦ દરમ્યાન ફેસબુક પેજ પર કરવામાં આવશે.

આ ઘટના દરેક વ્યકિત પોતાની નારી આખે જોઈ શકશે. યુતિની ઘટના દક્ષિણ પશ્ચિમ દિશામાં આકાર લેશે અને સુર્યાસ્ત થવાની સાથે બંને ગ્રહો દેખાવા લાગશે. જોકે કોણીય અંતર ખુબજ ઓછુ હોવાથી નરી આંખે અલગ અલગ જોવા શકય નથી. યુતિ વખતે બંને નું સ્થાન ક્ષિતિજ થી એકદમ નજીક હોઈ છે. યુતિજોવા માટે કોઈ એવી જગ્યા પસંદ કરો કે જ્યાંથી દક્ષિણ પશ્ચિમ દિશા એકદમ ખુલ્લી હોઈ અને ત્યાં કોઈ ઝાડ કે બિલ્ડીંગ નો અવરોધ ના હોઈ. કોઈ ઉંચી બિલ્ડીંગ ક ટેકરી પરથી અવલોકન સારૂ રેહશે. યુતિ જોવા માટે ટેલીસ્કોપ અથવા દૂરબીન સાથે રાખશો તો બન્ને ગ્રહો અલગ અલગ અને સ્પષ્ટ દેખી શકાશે. અંધારૂ થતાજ દક્ષિણ પશ્ચિમ માં પીડા રંગનો તેજસ્વી તારો દેખાવા લાગશે જે ગુરૂ છે અને તેને ટેલિસ્કોપથી જોતા બાજુમાં રહેલ શનિ દેખાશે. જોગાનુજોગ આ ઘટના વર્ષના સૌથી ટૂંકા દિવસે બનતી હોવન કારણે આ ઘટના જોવા દુર અંધારી જગ્યા પર જવાની જરૂર પણ નથી અને શહેરના કોઈ પણ સ્થળ થી એ જોઈ શકાશે પરંતુ એ સ્થળથી તમને ક્ષિતિજ દેખાતી હોવી જ જોઈએ. લોક વિજ્ઞાન કેન્દ્ર ગોધરા દ્વારા આ ઘટનાનું જીવન પ્રસારણ સાંજે ૬.૩૦ થી ૭.૩૦ દરમ્યાન ફેસબુક પેજ પર કરવામાં આવશે. કોરોના વાયરસના સંક્રમણના કારણે આ કાર્યકર્મ પ્રત્યક્ષ રાખવામાં આવ્યો નથી. ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા એક લીંક ક્રિયેટ કરવામાં આવેલ છે. જેમાં ગુજરાત રાજયના દરેક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અલગ અલગ જગ્યાએથી આ નજારાને લાઈવ કરવામાં આવનાર છે.

ગ્રહોની સ્થિતિને બતાવીને લોકોને શુભ હોવાનું સમજાવાવમાં આવે છે. તો આ ઘટનાને લઈને ડરાવવાની પ્રવૃત્તિ પણ ચાલી રહી છે. આ ઘટનાના કારણે કોરોના વાયરસ પર અસરની વાતો પણ ચર્ચાઈ રહી છે. આપડે વૈજ્ઞાનિક રીતે આ ઘટનાને સમજવી જોઈએ. ઘટના ગણિતમાં જઈએ તો ગુરૂનો અવત્કાળ ૧૧૦૮૬ વર્ષ છે. જયારે શનિનો ૨૯.૪૫ વર્ષ છે. આ જોઈએ તો (૧/૧૧.૪૬–૧/૨૯.૪૫)= ૧૯.૮૬ વર્ષના અંતે ગુરૂ અને શનિ તો પાછા તે જ પરિસ્થિતિમાં આવી જાય છે પરંતુ તે સમયે પૃથ્વી પણ સાનુકુળ પરિસ્થિતિમાં હોઈ તે જરૂરી છે. આ બાબત The Great Conjunction ને ખુબજ વિરલ બનાવે છે. મહાયુતિ વખતે માત્ર પૃથ્વીથી જોતા એકબીજાની નજીક દેખાતા હશે પરંતુ અંતરીક્ષમાં તો તેઓ એકબીજાથી દુર પોતપોતાની ભ્રમણ કક્ષામાં જ હશે.

# દાહોદ પોલીસ સ્ટેશનનું લોકાર્પણ અને દાહોદ રૂરલ પોલીસના સ્ટાફ ક્વાર્ટરનું ભૂમિપૂજન કરતા ગૃહરાજ્ય મંત્રી




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લાની બે દિવસની મુલાકાતના પ્રથમ દિવસે ગૃહ રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ સરસ્વતિ સર્કલ પાસે રૂ. ૧૬૧.૦૯ લાખના ખર્ચથી નવ નિર્મિત ટાઉન પોલીસ સ્ટેશનનું લોકાર્પણ અને દાહોદ રૂરલ પોલીસના જવાનો માટે રૂ. ૩૦૫૮.૧૩ લાખના ખર્ચથી બનનારા સ્ટાફ ક્વાર્ટરનું ખાતમુહૂર્ત કર્યું હતું. તેમણે આ પ્રસંગે કહ્યું કે, ટેક્નોલોજીના સમન્વયથી પોલીસ ગુનાખોરીને ડામવા માટે આગેકદમ કરી રહી છે. આગામી દિવસોમાં પૂરવાનું સક્ષમ દસ્તાવેજીકરણ કરવા ૧૦ હજાર જવાનોને બોડીવોર્ન કેમેરા આપવામાં આવશે. વિદેશમાં જે રીતે પોલીસ પોતાના ગણવેશ ઉપર નાના કેમેરા પહેરીને કામ કરે છે, એ રીતે નજીકના ભવિષ્યમાં ગુજરાત પોલીસ પણ કામ કરતી થશે.

અહીંના સ્વામિ વિવેકાનંદ સભાગૃહમાં યોજાયેલી એક નાની સભામાં જાડેજાએ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સુદ્રઢ સ્થિતિની માહિતી આપતા કહ્યું કે, વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે પોલીસ તંત્રના આધુનિકીકરણ માટે ત્રિસ્તરીય નીતિ અપનાવી હતી. તેમણે ગુનામાં મળેલા પૂરાવાનું વૈજ્ઞાનિક ઢબે પરીક્ષણ થાય તે માટે ફોરેન્સિક લેબને મજબૂત બનાવી અને ગુજરાતમાં શ્રેષ્ઠતમ ફોરેન્સીક લેબ બનાવી.

એ જ રીતે પોલીસ તંત્રની કુશળ માનવ સંસધાન મળી રહે તે માટે રક્ષાશકિત યુનિવર્સિટીની સ્થાપના કરી હતી. એ જ રીતે ગુનેગારોનું કન્વિક્શન થાય એ માટે સારા કાયદા નિષ્ણાંતો મળી રહે તે હેતુંથી લો યુનિવર્સિટી પણ બનાવી છે.

ભૂતકાળનો ચિતાર આપતા જાડેજાએ ઉમેર્યું કે, કેટલાક દાયકાઓ પૂર્વે પોલીસ તંત્ર પાસે કેવી ભૌતિક સુવિધા હતી, તેનો આપણને સૌને ખ્યાલ જ છે. પોલીસ સ્ટેશનની ઈમારતો નળિયા કે પતરાવાળી હતી. અરજદારોને બેસાડવાની જગ્યા પોલીસ સ્ટેશનમાં નહોતી. તેની સામે હવે પોલીસ તંત્રને વધુમાં વધુ સુવિધા આપવામાં આવી રહી છે. પહેલા પોલીસ કોન્સ્ટેબલને માત્ર એક રૂમ અને રસોડાની સુવિધાવાળું આવાસ મળતું હતું. તેની સામે હવે બે રૂમ અને રસોડાવાળા આવાસ રહેવા માટે આપવામાં આવે છે.

છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના પોલીસ દળમાં પચાસ હજાર લોક રક્ષક જવાનોની ભરતી કરવામાં આવી છે, તેમ કહેતા પ્રદીપસિંહ જાડેજાએ ઉમેર્યું કે પોલીસને માનવ સંસાધન પૂરૂ પાડવા સાથે આધુનિક પણ બનાવવામાં આવી છે. ઇ–ગુજકોપ જેવી એપ્લિકેશનથી ગુનેગારો વિશે તુરંત માહિતી મેળવવામાં સરળતા થઇ છે. પોલીસને મોબાઇલ થકી પોકેટ કોપની સુવિધા આપવામાં આવી છે. ગુજરાત પોલીસ માત્ર સ્માર્ટ જ નહીં, પણ શાર્પ બને એવું અમારૂ ધ્યેય છે.

ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષા બરકરાર રહે તે માટે આધુનિકકરણની દિશામાં એક કદમ આગળ વધતા રૂ. ૩૨૯ કરોડના ખર્ચથી રાજ્યના ૩૩ જિલ્લા ૬ યાત્રાધામો અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા મહત્વના સ્થળોને સાત હજાર સીસીટીવી કેમેરાના નેટવર્ક હેઠળ આવરી લેવામાં આવ્યા છે. કોઇ પણ વ્યક્તિ ગુનો આચરતા પૂર્વે વિચાર કરે એવી સ્થિતિનું નિર્માણ કર્યુ છે.

બદલાતા સંજોગો સાથે કાયદાની અસરકારકતા વધે એટલા માટે તેમાં આવશ્યક સુધારા પણ કર્યા છે. પાસાના કાયદાને વધુ મજબૂત કરવામાં આવ્યો છે. તેમાં જુગાર, છેડતી, ચેઇન સ્નેચિંગ અને સાયબર ક્રાઇમના ગુનાને પણ આવરી લેવામાં આવ્યા છે. ગુંડા ગુજરાત છોડે, એ કાર્યમંત્ર સાથે ગુંડા નાબૂદી ધારો લાવવામાં આવ્યો છે.

ગરીબોની જમીન પડાવી લેતા ભૂમાફિયાઓને સંકજામાં લેવા રાજ્ય સરકાર દ્વારા વિશેષ કાનૂન અમલમાં મૂકવામાં આવ્યો છે. જેમાં ભૂમાફિયાઓ સામે નિયત સમય મર્યાદામાં તપાસ કરી ખાસ અદાલતમાં કેસ ચલાવવાની અને ૧૦થી ૧૪ વર્ષની જોગવાઇ કરવામાં આવી હોવાનું પણ મંત્રીએ કહ્યું હતું.

કોરોનાકાળમાં પોલીસ તંત્રની સંવેદનશીલ છબી ઉભરી હોવાનું જણાવતા ગૃહ રાજ્યમંત્રીએ કહ્યું કે, લોકડાઉનમાં નાગરિકો કોરોનાના સંક્રમણની બચે એ માટે પોલીસે પોતાના પરિવારની પરવાહ કર્યા વિના દિનરાત ડ્યુટી બજાવી છે. કોઇ ગરીબ ભૂખ્યુ ના સુવે એની ખેવના નાનામાં નાના પોલીસ કર્મચારીએ કરી છે. આ પ્રકારની સંપૂર્ણ સમર્પણભાવ સાથેની ફરજનિષ્ઠા અભિનંદનને પાત્ર છે. દાહોદ પોલીસ તંત્રના ૬ કોરોના વોરિયર્સનું તેમણે પ્રમાણપત્ર આપી સન્માન પણ કર્યું હતું.

રાજ્ય મંત્રી બચુભાઇ ખાબડે કહ્યું કે, વિશેષ ભૌગોલિક સ્થિતિ ધરાવતા દાહોદ જિલ્લામાં પોલીસ તંત્ર સારી રીતે કામ કરી રહ્યું છે. કોરોનાકાળમાં શ્રમિકો માટે ભોજનની વ્યવસ્થા હોય કે રહેવાની, ઘરે પહોંચાડવા સુદ્ધાની વ્યવસ્થામાં પોલીસ તંત્રએ સારી રીતે કાર્ય કર્યું છે. દાહોદ જિલ્લામાં ભૂતકાળમાં ક્યારે ન મળી હોય એટલી રકમના કામો બે દિવસમાં મળી રહ્યા છે. જે ઐતિહાસિક બાબત છે. તેમ કહી તેમણે રાજ્ય સરકારનો આભાર માન્યો હતો.

સ્વાગત પ્રવચનમાં જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસરે કહ્યું કે, ટેક્નોલોજીના સમન્વયથી પોલીસ તંત્ર વધુ કાર્યક્ષમ બન્યું છે. સારી સુવિધા મળતા પોલીસ તંત્ર દઢ મનોબળ સાથે કામ કરી શકે છે. આ માટે ગૃહરાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજા તરફથી સતત પ્રેરણા મળતી રહે છે. આભારવિધિ એએસપી સુશેફાલી બરવાલે કરી હતી.

આ અવસરે ધારાસભ્ય રમેશભાઇ કટારા, મતી ચંદ્રિકાબેન બારિયા, વજેસિંહભાઇ પણદા, ગોધરા રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ. એસ. ભરાડા, કલેક્ટર વિજય ખરાડી, અગ્રણી સુધીરભાઇ લાલપુરવાળા, અભિષેકભાઇ મેડા, મનોજભાઇ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.

## ઝાલોદના હડમતખુટાની ભગાડી ગયેલ છોકરીને પરત સોંપવા યુવતિના પરિવાર દ્વારા ધિંગાણું કરાયું

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના હડમતખુટા ગામે છોકરી ભગાડી ગયા બાદ તેને પરત સોંપી દેવાની માંગણી સાથે યુવતીના પરિવારજનો દ્વારા ભારે ધીંગાણું મચાવી એક મહિલાને લાકડી વડે તેમજ ગડદાપાટુનો મારમારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડયા બાદ ઘરના નળીયાની તોડફોડ કર્યાનું જાણવા મળે છે.

ઝાલોદ તાલુકાના જાફરાપુરા ગામે પીપળ ફળિયામાં રહેતા જગદીશભાઈ હીરાભાઈ ડામોર, જોસનાબેન જગદિશભાઈ ડામોર, દીપકભાઈ જગદીશભાઈ ડામોર અને વિપુલભાઈ અમીચંદ ડામોર દ્વારા ગત તારીખ ૧૯ મી ડિસેમ્બરના રોજ હડમતખુટા ગામે રહેતા વર્દીબેન મડીયાભાઇના ઘરે આવી બેફામ ગાળો બોલી કહેવા લાગેલા કે, યોગેશભાઈ અમારી છોકરી અને પત્ની તરીકે લઇ આવેલ છે તો અમોને કેમ આપતા નથી? એમ કહી ચારે જણા એકદમ ઉશ્કેરાઇ જઇ પોતાની સાથે લાવેલ લાકડીઓ વડે વર્દીબેનને માર મારી તેમજ ગડદાપાટુનો મારમારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી આબાદ જતાં–જતાં ઉપરોક્ત ચારેય જણા દ્વારા ઘરના નળીયા ની પણ તોડફોડ કરી ભારે ધિંગાણું મચાવતા આ સંબંધે ગામમાં જ રહેતા પ્રિયંકાબેન બચુભાઈ ડામોર દ્વારા ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ફતેપુરાના મોટી ઢઢેલીની ૧૬ વર્ષીય સગીરાનું અપહરણ કરતાં ફરિયાદ

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના મોટી ઢઢેલી ગામેથી વાસ્તુ પૂજન દરમિયાન એક ૧૬ વર્ષિય સગીરાને યુવક દ્વારા પત્ની તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ફતેપુરા તાલુકાના ડુંગરાનાપાણી ગામે રહેતો સચીનભાઈ સુકમભાઈ વસુનિયા દ્વારા ગત તારીખ પાંચમી ડિસેમ્બરના રોજ ફતેપુરા તાલુકાના મોટી ઢઢેલી ગામે આવ્યો હતો અને આ દરમિયાન ફતેપુરા તાલુકામાં રહેતી એક સગીરા પોતાના સમાજના એક ઘરે વાસ્તુપૂજનમાં આવી હતી. આ દરમિયાન સચિન દ્વારા આ સગીરાને પટાવી ફોસલાવી લગ્નની લાલચ આપી વાસ્તુપૂજનમાંથી જ અપહરણ કરી લઈ નાસી જતા આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ફતેપુરાના મોટીબારા ગામે ટવેરા ગાડીમાં લઈ જવાતો ૪૭ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,

ફતેપુરા તાલુકાના મોટીબારા ગામે પોલીસને મળેલ બાતમીના આધારે નાકાબંધી કરી આપવા જતાં વાહનોની તપાસ હાથ ધરતાં તે સમયે એક ટવેરા ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસે તેની તલાસી હાથ ધરી હતી.આ ગાડીમાંથી રૂપિયા ૪૭૦૪૦/– નો વિદેશી દારૂ તેમજ બિયરના જથ્થા સાથે ગાડીમાં સવાર બે જણાની અટક કર્યાનું જાણવા મળે છે ત્યારે આ વિદેશી દારૂ ભરી આપનાર તેમજ મંગાવનાર વિરૂદ્ધ પણ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રદીપભાઈ મલસિંહ રાસીયા (રહે.ગાંગડતલાઈ,જિલ્લો બાસવાડા,રાજસ્થાન) અને અનિલવાલસીંગ ભાઈ ગરાસીયા (રહે. સલોપાટ તાલુકો ગાંગડતલાઈ, જિલ્લો બાસવાડા,રાજસ્થાન) આ બંને જણા ગત તારીખ ૧૯ મી ડિસેમ્બરના રોજ પોતાના કબજાની ટાવેરા ગાડી લઈ ફતેપુરાના મોટી બારા ગામેથી પસાર થઈ રહયા હતા.આ દરમિયાન ત્યાં નાકાબંધીમાં ઉભી પોલીસને આ ગાડી પર શંકા જતાં ઉભી રખાવી હતી અને ગાડીની તલાશી લેતાં તેમાંથી વિદેશી દારૂ તેમજ બિયરનો કુલ રૂ ૪૭૦૪૦/– તથા ટવેરા ગાડીની કિંમત મળી કુલ રૂપિયા ૨,૪૯,૫૪૦/– ના મુદ્દામાલ સાથે ઉપરોકત બંને જણાની ફતેપુરા પોલીસે અટક કર્યા બાદ તેઓની પૂછપરછ હાથ ધરતા આ વિદેશી દારૂનો જથ્થો રાજસ્થાનના બાસવાડા જિલ્લાના સલોપાટ ખાતે રહેતા ચંદુભાઈ પુનકાભાઈ સંગાડા મારા ભરી આપ્યો હતો અને આજ સ્થળે રહેતો અલ્પેશભાઈ કલસીંગભાઈ ગરાસીયા પાયલોટિંગ કરી આપ્યો હતો.

આ સંબંધે ફતેપુરા પોલીસે ઉપરોકત ચારેય જણા વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 101

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ઘોઘંબા પંથકમાં આતંક મચાવનાર

# માનવભક્ષી દિપડો ૬ વર્ષનો હોવાનો સુરતની એક્સપર્ટની ટીમનો દાવો





તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

- દિપડાને પાંજરે પુરવા પાંચ ટીમ કામે લાગી.
- સુરત વન વિભાગની એક્સપર્ટ ટીમ જંગલમાં ધામા નાખ્યા.
- દિપડો પાંજરે પુરવામાં નિષ્ફળતા માટે વન વિભાગના અધિકારીએ બચાવ કર્યો.
- દિપડાના આંતકને ગંભીરતા થી લઈ એક્સપર્ટ ટીમની મદદ લેવાઈ.
- ગોયાસુંડલ ગામ તેમજ આસપાસના ગામોમાં ગતરાત્રીના સમયે દિપડો દેખાતો હોવાનું સ્થાનિકો એ જણાવ્યું.
- એક્સપર્ટ ટીમ દ્વારા અગાઉ મૂકવામાં આવેલ પાંજરાના સ્થળ બદલવામાં આવ્યા.
- છેલ્લા ૨૪ કલાક થી કામે લાગેલ એક્સપર્ટ ટીમ છતાં હજુ દિપડો પકડાયો નથી.

ગોધરા,

ઘોઘંબા તાલુકામાં માનવભક્ષી દિપડાના આંતક ચાલુ રહ્યો છે. દિપડાને પકડવામાં સ્થાનિક વન વિભાગ નિષ્ફળ રહેતા દિપડાને પકડવા માટે સુરત વન વિભાગની એક્સપર્ટ ટીમ તેમજ દે.બારીઆ વન વિભાગના વનકર્મીઓની મદદ લેવાઈ છે. હાલ દિપડાને પકડવા માટે પાંચ અલગ અલગ ટીમો કામે લાગી છે.

ઘોઘંબા પંથકના જંગલ વિસ્તારોના ગામોમાં છેલ્લા ૧૦ દિવસ થી આદમખોર માનવભક્ષી દિપડાનો આતંક ચાલુ રહ્યો છે. દિપડાને પકડવા માટેના સ્થાનિક વન વિભાગના પ્રયાસો છતાં દિપડો પાંજરે પુરાતો નથી કે તેના સગળ મળી રહ્યા નથી. ત્યારે પંચમહાલ જીલ્લાના વન વિભાગ દ્વારા આદમખોર દિપડાને પકડવા માટે સુરત વન વિભાગની એક્સપર્ટ ટીમને બોલાવવામાં આવી છે. તેમજ દે.બારીઆ વન વિભાગની મદદ લેવામાં આવી છે. ઘોઘંબા જંગલ વિસ્તારોના ગામોમાં દેખાતા દિપડાને પાંજરે પુરવા માટે સુરત ખાતેથી આવેલ એક્સપર્ટ ટીમ દ્વારા અગાઉ દિપડાને પાંજરે પુરવા માટે જે પાંજરા મુકવામા આવ્યા હતા. તેના સ્થળો બદલવામાં આવ્યા છે અને દિપડાના સંભવિત અવરજવાના વિસ્તારોમાં પાંજરા ગોઠવવામાં આવ્યા છે.

ઘોઘંબા જંગલ વિસ્તારના ગામોમાં સુરત વન વિભાગની એક્સપર્ટ ટીમના દિપડાને પાંજરે પુરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. તેની વચ્ચે ગતરાત્રી એ તરવટીયા ગામમાં ગત રાત્રીના સમયે ખેતરોમાં કામ કરતાં ખેડુતોને દિપડો દેખાયો હોવાનું જણાવી રહ્યા છે. ખેડુતો દ્વારા દિપડાનો પ્રતિકાર કરતાં દિપડો નાશી છુટીયો હતો. જંગલ વિસ્તારને અડીને આવેલા ગામોમાં દિપડાનો ભય ગ્રામજનોમાં એવો પેસી ગયો છે તે દિવસે પણ દિપડાના ડરથી ભયના ઓથાર હેઠળ જીવ રહ્યા છે. ખેડુતો ખેતરમાં જઈ શકતા નથી. હાલ રવિ સીઝનમાં ખેતરોમાં ઉભા પાક છે પરંતુ ખેડુતો દિપડાના ડરથી ખેતરોમાં જતા ન હોવાથી ખેડુતોના પાકોનું ભેલાણ થઈ રહ્યું છે. ત્યારે હવે જોવાનું રહ્યું કે દિપડાને પાંજરે પુરવા માટે સુરત વન વિભાગની એક્સપર્ટ ટીમની મદદ લેવાઈ છે. તે કેટલી સફળ રહે છે. શાતિર દિપડો પાંજરે પુરાય તો ગ્રામજનોમાં ભય ઓછા થાય તેમ છે. અને દિપડાના હુમલા બંધ થાય તેમ લાગી રહ્યું છે.

### ખેડુતો દિપડાના ભય થી ખેતરોમાં જઈ નહિ શકતા પાકનું ભેલાણ

ઘોઘંબા તાલુકો જંગલને અડીને આવેલ છે. ગામોમાં દિપડાનો આંત ચાલુ છે. જેને લઈ દિપડાના ભયને લઈ ખેડુતો ખેતરોમાં જઈ શકતા નથી. જેને લઈ ઉભા પાકનું ભેલાણ થઈ રહ્યું છે.

### ગતરાત્રી એ તરવટીયા ગામે દિપડા દેખાયો હોવાનું સ્થાનિકો એ જણાવ્યું

ઘોઘંબાના તરવટીયા ગામે ગત રાત્રી એ ખેડુત પોતાના ખેતરમાં કામ કરી રહ્યા હતા. ત્યારે દિપડો દેખાયો હતો. આસપાસના ખેતરોમાં કામ કરતાં ખેડુતો એ પ્રતિકાર કરતાં દિપડો નાશી છુટીયો હતો. તેવું સ્થાનિકો જણાવી રહ્યા છે.

### ઘોઘંબા પંથકમાં આતંક મચાવતાં દિપડાની ઉંમર ૬ વર્ષ અને એક જ દિપડો હોવાની પુષ્ટી

ઘોઘંબા પંથકમાં છેલ્લા ૧૦ દિવસથી આદમખોર દિપડા એ આતંક મચાવી મૂકયો છે. માનવભક્ષી બનેલ દિપડાને અત્યાર સુધી બે બાળકોને મોતને ધાટ ઉતાર્યા છે. ૭ જેટલી વ્યકિતને ઈજાઓ પહોંચી છે. આવા આદમખોર દિપડાની ઉંમર ૬ વર્ષની હોવાની વન વિભાગે પુષ્ટી કરી છે અને ઘોઘંબા અંતરીયાળ વિસ્તારમાં આતંક દિપડાનો ફેલાયો છે. તે એક દિપડો પંથકમાં ફરી રહ્યો છે.

### દિપડાને પકડવા સુરત અને દે.બારીઆથી ટીમ બોલાવાઈ : હાલ પાંચ ટીમ કાર્યરત છે

ઘોઘંબાના કાંટાવેડા, ગોયાસુંડલ, જાબુવાણિયા ગામે દિપડાના હુમલાના બનાવો બન્યા છે. જેને લઈ વન વિભાગ દ્વારા સુરત વન વિભાગ અને દે.બારીઆ ખાતેથી દિપડાને પકડવા માટે ટીમ બોલાવી છે. હાલમાં વન વિભાગની પાંચ ટીમ દિપડાનું પગેરૃ મેળવવા માટે પ્રયાસ ચાલી રહ્યા છે. દિપડાના ફુટ ફિંગરના આધારે તપાસ કરવામાં આવી રહી છે. દિપડાના જીવમેન્ટ ઉપર નજર રાખવા પાંચ નાઈટ વિઝન કેમેરા મૂકવામાં આવ્યા છે. સાથે જંગલમાં અગાઉ મૂકવામાં આવેલ પાંજરાની જગ્યા દિપડાની અવરજવરના સંભવિત સ્થાનો ઉપર ગોઠવવામાં આવ્યા છે. તેમ છતાં દિપડો શાતિર પ્રાણી હોવાની મારણ કરી સ્થળ છોડીને બીજા સ્થળે ચાલ્યો જાય છે.

## હાલોલ કોટામેડાના બુટલેગરની પાસા હેઠળ ધરપકડ



ગોધરા,

ગોધરા એલ.સી.બી.પોલીસે હાલોલ તાલુકાના કોટામેડા ગામના પ્રોહીબિશન બુટલેગરની પાસા હેઠળ ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

પંચમહાલ જિલ્લામાંથી અસામાજિક પ્રવૃત્તિ નાબૂદ કરવા તેમજ પ્રોહીબિશન બુટલેગરો ઉપર પાસા તથા તડીપારની અસરકારક કાર્યવાહી કરવા જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ જેમાં પંચમહાલ ગોધરા રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ.એસ.ભરાડા તેમજ જિલ્લા પોલીસ અધિક્ષક ડો.લીના પાટીલ દ્વારા એલ.સી.બી.પોલીસ ને જરૂરી સૂચના તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જે માર્ગદર્શન મુજબ હાલોલ તાલુકાના કોટામેડા ગામનો નામચીન બુટલેગર મહોબતસિંહ ચૌહાણ જે ગેરકાયદેસર રીતે વિદેશી દારૂ વેચવાનો ધંધો કરતો હતો.અને આ બુટલેગર ની વિરૂદ્ધમાં હાલોલ રૂરલ પોલીસ મથક ખાતે વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૦ સુધીમાં વિદેશી દારૂના ચાર જેટલા ગુન્હા નોંધાયા હતા.જેથી આ બુટલેગર ની પાસા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી.અને જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ ને મોકલી આપતા પાસા દરખાસ્ત મંજુર કરી આ ઈસમને પાસા ધારા હેઠળ અટકાયત કરી મદયસ્થ જેલ,લાજપોર, સુરત ખાતે મોકલી આપવાનો હુકમ પંચમહાલ જિલ્લાના મેજિસ્ટ્રેટ અમિત અરોરા દ્વારા કરવામાં આવ્યો હતો.જેથી પોલીસ દ્વારા આરોપી ને વધુ કાર્યવાહી અર્થે હાલોલ રૂરલ પોલીસ મથકે સોંપવામાં આવ્યો હતો.

## કાલોલ તાલુકા કોંગ્રેસની સમન્વય સમિતિની મીટીંગ યોજાઈ



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ તાલુકા કોંગ્રેસની સમન્વય સમિતિની મીટીંગ સફળતા પૂર્વક મળેલ. જેમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણીમાં પક્ષ સફળતા મેળવે તે સંકલ્પ સાથે ઉપસ્થિત સૌ હોદ્દેદારો – અગ્રગણ્યો કાર્યકરો વિગેરે નિષ્ઠા પૂર્વક નિર્ણય કરેલ. જિલ્લા સંયોજકો તાલુકા સંયોજકો જનમિત્રોને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું. જેમાં બાલાસિનોરના ધારાસભ્ય અને પંચમહાલ જિલ્લાના પ્રભારી અજીતસિંહ ચૌહાણ, પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અજીતસિંહ ભાટી, માજી મંત્રી ઉદેસિંહ બારીયા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મંત્રી અને ઘોઘંબા તાલુકાના પ્રભારી રફિકભાઈ તિજોરી વાલા, ગુજરાત પ્રદેશ મંત્રી દક્ષેશ પટેલ, કાલોલ વિધાનસભાના ઉમેદવાર પ્રદ્યુમનસિંહ પરમાર, ઘોઘંબા તાલુકાના પ્રમુખ ચેતનસિંહ પરમાર, કાલોલ તાલુકા પ્રમુખ નરવતસિહ પરમાર, પંચમહાલ જિલ્લા એસ.સી. સેલના પ્રમુખ રાજેશભાઈ હડીયલ, પંચમહાલ જિલ્લા સોશિયલ મીડ્યિા ડિપાર્ટમેન્ટ કો–ઓર્ડીનેટર સાજીદ વલી, પંચમહાલ જીલ્લા કાલોલ શહેર પ્રમુખ કેતનભાઈ, બકીભાઈ ઉપાધ્યાય, ભુપેન્દ્રભાઈ ખેર, કિરપાલભાઈ રાઠોડ, સંજયભાઈ સોલંકી, કાલોલ વિધાનસભા સોશિયલ મીડિયા કોઓર્ડીનેટર કાજલબેન પરમાર, પંચમહાલ જિલ્લા લોક્સરકારના પ્રમુખ કીર્તિ પંચાલ, મહીસાગર જિલ્લા પાસ કન્વીનર મહાદેવભાઈ, ગનીભાઈ સહિત વિવિધ સેલ સંગઠનના આગેવાનો હોદ્દેદારો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## નવોદય વિદ્યાલયમાં ધોરણ-૬માં પ્રવેશ માટે અરજી કરવાની મુદ્દત લંબાવાઈ

ગોધરા,

પંચમહાલ જિલ્લાના વેજલપુર ખાતે કાર્યરત જવાહર નવોદય વિદ્યાલયના પ્રાચાર્યની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર સત્ર ૨૦૨૧–૨૨માં જવાહર નવોદય વિદ્યાલયોમાં ધોરણ–૬માં પ્રવેશ માટે જવાહર નવોદય વિદ્યાલય પસંદગી પરીક્ષા–૨૦૨૧ના ઓનલાઈન અરજીપત્રક ભરવાની અંતિમ તારીખ વહીવટી કારણોસર ૨૯.૧૨.૨૦૨૦ સુધી વધારવામાં આવી છે. ઉમેદવાર વેબસાઈટ www.navodaya.gov.in પર મફત અરજી કરી શકશે. અરજીપત્રકમાં સુધારા કરવા માટે વિન્ડો તારીખ ૩૦ અને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ ખુલ્લી રહેશે તેમ યાદીમાં જણાવાયું છે.

## પંચમહાલમાં આજે ૨૦ કોરોના પોઝીટીવ કેસ : કુલ આંક ૩૬૧૮

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૦ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૦ પોઝીટીવ કેસ સાથે તેમાં ગોધરા–૧૪, હાલોલ–૦૨, કાલોલ–૦૩, શહેરા–૦૧, ઘોઘંબા–૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. અત્યાર સુધીનો કુલ આંક ૩૬૧૮ થવા પામ્યો છે.

- ૧૦ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૬૮.
- મૃત્યુ આંક - ૧૨૯.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૦ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## ગોધરા રહેમત નગર વિસ્તારમાં ઝાડીમાં ગોંધી રાખેલ ૪ ગૌવંશ બચાવાયા



ગોધરા,

ગોધરા શહેરના રહેમત નગર વિસ્તારમાંથી પોલીસે તેમજ ગૌરક્ષકો એ કસાઈઓ દ્વારા કતલ કરવાના ઈરાદે ગોંધી રાખવામાં આવેલા ૦૪ જેટલા ગૌવંશને સુરક્ષિત રીતે બચાવી લઈ પરવડી સ્થિત પાંજરાપોળ ખાતે ખસેડવામાં આવ્યા હતા. તેમજ પોલીસ દ્વારા કસાઈઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગોધરા શહેરના રહેમત નગર વિસ્તારમાં ઝાડી ઝાંખરાઓમાં કસાઈઓ દ્વારા ૦૪ જેટલા ગૌવંશને કતલ કરવાના ઈરાદે નિર્દયતા પૂર્વક ગોંધી રાખવામાં આવ્યા છે. જેથી ગૌરક્ષકો એ ગોધરા શહેર બી ડિવિઝન પોલિસ મથકના પી.આઈ.કે.પી.જાડેજા ને આ અંગે જાણ કરતા પોલીસ અધિકારી દ્વારા અન્ય પોલીસ સ્ટાફ ને સાથે રાખી રહેમત નગર ખાતે દરોડો પાડતા ૦૪ જેટલા ગૌવંશને બચાવી લીધા હતા. તેમજ આ ગૌવંશને રીતે પરવડી પાંજરાપોળ ખાતે ખસેડાયા હતા.

## ઘોઘંબા જિંજરી પ્રા.શાળાના બાળકોને મંત્રી મંડળ સેવા ટ્રસ્ટે સ્વેટરનું વિતરણ કરાયું



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકામાં આવેલી જિંજરી પ્રાથમિક શાળામાં ભણતા તમામ બાળકોને મંત્રીમંડળ સેવા ટ્રસ્ટ આણંદ દ્વારા વિનામૂલ્ય પૂરા પાડવામાં આવેલ છે. આ સાથે સાથે દુધાપુરા પ્રાથમિક શાળાના શિક્ષક રાજેશકુમાર પટેલ દ્વારા સદર વિદ્યાર્થીઓને ઠંડીના રક્ષણ સામે ટકી રહે તેવી શુભેચ્છાઓ સાથે સ્વેટર વિતરણ કરવામાં આવેલ છે. શાળાનો સ્ટાફ તથા આચાર્ય દ્વારા અભિનંદન પાઠવવામાં આવેલ છે. શાળાની સતત ચિંતા કરતા ભારતભાઈ પટેલ દ્વારા સતત પ્રયત્નો કરી સંપર્કમાં રહે છે અને બાળકોનું સદાહિત વિચારી રહ્યા છે. SMC પરિવાર અને સૌ ગ્રામજનોએ પણ અભિનંદન આપ્યા હતા.

## વેજલપુર કબ્રસ્તાન સામે મેહલોલ ચોકડી થી પસાર થતો રસ્તા પર પાણી રેલમ છેલ



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ કબ્રસ્તાન સામે મેહલોલ ચોકડી થી પસાર થતો રસ્તાની બાજુમાં વોટરવર્ક ની પાઈપલાઈન પસાર થાય છે. જે છેલ્લા પાચ થી છ મહિના થી પાઈપલાઈન તૂટી જવાથી રસ્તા પર હજારો લીટર પાણી વેડફાઈ છે. જેથી મેહલોલ ચોકડી થી ખેડા ફળયુ અને વાઘડીવાસ તરફ જતા લોકોને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે. જેથી ગ્રામ પંચાયત મા અરજદારો દ્વારા અનેક વખત લેખિત તથા મૌખિક રજુઆત કરવા છતા ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટી ક્રમ મંત્રી આંખ અને કાન આડા કરતા હોય તેમ લાગી રહયું છે. વેજલપુર ગ્રામ પંચાયત ને અરજદાર ફિરદૌસ એ નાના દ્વારા ૩ ૧૧ ૨૦૨૦ ના રોજ લેખિત અરજી આપ્યા પછી પણ કોઈ પણ પ્રકારની ગ્રામ પંચાયત એ આજ દિન સુધી કોઈ. કાર્યવાહી ન કરતા અરજદારોમાં નારાજગી જોવા મળી છે.

## ગોધરામાં મોહદ્દીસે આઝમ મિશન દ્વારા રકતદાન કેમ્પ યોજાયો



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

ગોધરા ખાતે હેલ્પીંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ મોહદ્દીસે આઝમ મિશન દ્વારા સ્વૈચ્છિક રકતદાન કાર્યક્રમ યોજાયો હતો. સ્વૈચ્છિક રક્તદાતાઓને સામાજિક આગેવાનો મૌલાના મોઈનુદ્દીન, ગોધરા શહેર એ ડીવીઝન પોલીસ અધિકારી ઝાલા, અજીતસિંહ ભાટી, રફિકભાઈ તિજોરી વાળા, ડોક્ટર રમેશ ચૌહાણ, મોઈન ખાન બસર, મિસ્ત્રી વાજિદ ખાન ફિરોઝ ખાન સમીર પઠાણ, આનંદભાઈ ઘડિયાળી હોટચંદ ઘમવાણી, સાજીદ વલી, કિર્તીભાઈ પંચાલ, મુકેશ પારગી વગેરે ઉપસ્થિત રહી સ્વૈચ્છિક રકતદાતાઓને માનવ સેવાની પ્રવૃત્તિને બિરદાવી શુભેચ્છાઓ પાઠવેલ હતી.

## ઘોઘંબાના બોરીયા કેનાલ પાસેથી છકડામાં લઈ જવાતો ૧ લાખ ઉપરાંતનો દારૂ ઝડપ્યો

ઘોઘંબા,

ઘોઘંબા રાજગઢ પોલીસ બોરીયા કેનાલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પોલીસનું વાહન દેખીને અતુલ શક્તિ છકડાના ચાલક વાહન છોડી નાશી છુટીયો હતો. પોલીસે વાહનનું ચેકીંગ કરતા ૧.૪૦ હજારનો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકા રાજગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન બોરીયા કેનાલ ઉપર થી પસાર થતાં અતુલ છકડો નંબર જીજે.૨૩.વી.૬૯૬૦ના ચાલક પોલીસનું વાહન દેખીને છકડો છોડીને નાશી છુટીયો હતો. પોલીસ દ્વારા છકડાનું ચેકીંગ કરતા છકડામાં ગુપ્ત ખાનું બનાવી સંતાડીને લઈ જવાતો ઈંગ્લીશ દારૂની પ્લાસ્ટીક બોટલ નંગ–૨૪૦ તેમજ અતુલ છકડો મળી ૧,૩૯,૪૦૦/–રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બાબતે રાજગઢ પોલીસ મથકે પ્રોહિબીશન એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.